# ગાંધીનગર જીલ્લામાં કોરોના બેકાબૂ

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ૨૪ કેસ અને વધુ ૨ દર્દીના મોત : શહેરમાં નવા ૮ કેસ નોંધાતા ભારે ચિંતાનું મોજુ**

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૪ કેસ

**વધુ બે દર્દીના સારવાર દરમિયાન મોત : સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા ૫૫ થઈ : જિલ્લામાં ૧૮,૮૧૩ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ રખાયા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના ૨૪ કેસ મળી આવ્યા છે. આજે પણ સારવાર દરમિયાન બે દર્દીના મોત નીપજ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક પુરૂષ દર્દી અને એક મહિલા દર્દીનું મોત થયું છે. આ બન્ને દર્દીઓ ગાંધીનગર તાલુકાના હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ બે દર્દીના મોત સાથે સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૫૫ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓનો ડેથરેટ વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે કોરોનાની સારવાર દરમિયાન જે દર્દીઓના મોત થયા છે તે કો મોર્બિડ હોવાનું જાણવા મળેલ છે. અર્થાત્ આ દર્દીઓને કોરોના ઉપરાંત અન્ય બિમારી પણ હોય છે. આવા દર્દીઓની સંખ્યા વધુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે જે કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરના ૯ કેસ, દહેગામના ૪ કેસ તેમજ માણસાના ૪ કેસ અને ૭ કેસ કલોલ અર્બન અને કલોલ ગ્રામ્યના છે.

ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ભાઈ નર્મદા નિગમમાં નોકરી કરતા હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ ૮ કેસ નોંધાયા

**સે. ૧, સે. ૨-બી, સે. ૭-બી, સે. ૨૪ અને સે. ૨૬ માંથી કેસ મળી આવ્યા : ૧૦ વર્ષનો બાળક પણ કોરોનાની ઝપટમાં**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૮ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૨૬૧ પર પહોંચી છે.

આજે સે. ૧, સે. ૨-બી, સે. ૭-બી, સે. ૨૪ અને સે. ૨૬ માંથી આ કેસ મળી આવ્યા છે. શહેરમાં આજે એક ૧૦ વર્ષની આયુ ધરાવતા બાળકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. ત્રણ મહિલાઓનો પણ આજના દર્દીઓમાં સમાવેશ થાય છે.

શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થઈ રહ્યાની અને દિવસે દિવસે કોરોનાના કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેથી તંત્રએ પણ હવે વધુ આક્રમકતા સાથે સંક્રમણને નાથવાના પગલાં લેવા માટે મન બનાવી લીધુ છે. શહેરમાં સેમ્પલ કલેક્શન પણ વધારવામાં આવશે. જોકે શહેરમાં કેટલા લોકોના સેમ્પલ અત્યાર સુધીમાં લેવાયા તેને લઈ તંત્ર મૌન સેવી રહ્યું છે. રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્ર કરી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં હાલ ૫૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૨૭૫ વ્યક્તીઓ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

સે. ૭-બી માંથી એક જ પરિવારમાંથી બે દર્દી મળી આવ્યા છે. જેમાં એક ૩૭ વર્ષીય મહિલા અને ૧૦ વર્ષના બાળકનો સમાવેશ થાય છે. આ લોકો પોઝીટીવ દર્દીના સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ આ પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે. તેમજ બન્ને દર્દીને

● અનુસંધાન પાન-૭ પર

## વાત ગાંધીનગરની

ગુરૂવારનો દિવસ થોડોક શુષ્ક રહ્યો. નાયબ મુખ્યમંત્રી સિવાય સચિવાલયમાં મંત્રીઓની હાજરી પણ ઓછી હતી અને હળવાં બે-ત્રણ ઝાંપટાને કારણે અવરજવર પણ ઓછી રહી. માત્ર મીટીંગો ને મીટીંગો જ ચાલી.

● **લીલુછમ્મ ગાંધીનગર...**

ગાંધીનગર નસીબદાર તો છે જ. સુવિધાઓના વૈભવની સાથેસાથે પ્રાકૃતિક વૈભવ મબલખ છે. થોડોક વરસાદ પડે એટલે આખુ ગાંધીનગર લીલુછમ્મ થઈ જાય અને માર્ગની બંને બાજુના વૃક્ષો જાણે કે નવ પલ્લવીત થઈ મહેંકતા હોય એવા સુગંધીત માહોલનો માલિક ગાંધીનગર સાચ્ચે જ ગ્રીન કેપીટલ છે. આજકાલ ગાંધીનગરની ખૂણે ખૂણે નયનરમ્ય છે.

● **એસ.ટી.ની સમીક્ષા**

અનલોક-૧ અને ૨ માં ક્રમશ: રાજ્યભરમાં એસ.ટી. દોડતી થઈ ગઈ. સોશિયલ ડીસ્ટન્સીંગની આચાર સંહિતા સાથે નહિવત મુસાફરોની અવર-જવર બસ સ્ટેશનો ઉપર દેખાઈ અને એનાજ પગલે રાજ્યભરની પચાસ ટકાથી વધુ બસો ચારેક દિવસમાં જ બંધ કરવી પડી. મુસાફરો વિના લાંબા રૂટ પર બસો દોડાવવાથી ખોટ કરતી એસ.ટી.એ વધુ ખોટ કરી એવા સંકેત સાથે ઘણાંબધાં રૂટ તાત્કાલીક અસરથી બંધ કરાયા. આ સમગ્ર સ્થિતિની સમીક્ષા કરવા મુખ્યમંત્રીએ વાહનવ્યવહાર મંત્રી અને એસ.ટી.ના મેનેજીંગ ડીરેક્ટર સાથે લાંબી ચર્ચાઓ કરી હતી.

● **ભાજપમાં વધતો ગણગણાટ**

કોરોનાના ભય વચ્ચે પણ રાજકીય દાવપેચ અટકતા નથી. કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાતા પૂર્વ ધારાસભ્ય કોઈપણ ભોગે ટીકીટ જોઈએ અને સ્થાનિક કાર્યકરો જે વર્ષોથી ભાજપ માટે લડ્યા છે તેમને તક તો મળતી જ નથી પરંતુ જુના પ્રતિસ્પર્ધીઓ માટે પ્રચાર કરવાનું કહે છે. આવા શબ્દો કમલમ્‌ના આંગણામાં ઉચ્ચારાતા થયા છે. એટલે ભાજપમાં ગણગણાટ વધતો જાય છે.

● **પાટનગરના જન્મ દિવસની ઉજવણી નહીં...**

પ્રતિવર્ષની પરંપરા મુજબ પાટનગરની પ્રથમ ઈંટ જ્યાં મુકાઈ હતી એવા પાવન સ્થાને શહેર વસાહત મહામંડળ લાગણીભર્યો કાર્યક્રમ દર બીજી ઓગષ્ટે યોજે છે. પરંતુ આ વખતે કોરોનાના કહેરને પગલે પાટનગરનો જન્મ દિવસ નહી ઉજવાય. પ્રતિવર્ષ શહેર વસાહત મહામંડળ જીઈબી કોલોની ખાતે જન્મદિવસ સમારંભ યોજે છે. જોકે આ વર્ષે આ સમારંભ પણ શક્ય નહિ બને. આ ઉપરાંત વિવિધ સંસ્થાઓ કાર્યક્રમોનું આયોજન કરતી હોય છે તેને પણ કોરોના ગ્રહણ નડી રહ્યું છે. સમયની બલિહારી છે કે ૫૫ વર્ષથી ગાંધીનગરનો જન્મદિવસ ઉજવતું ગાંધીનગર આ વર્ષે માત્ર શુભેચ્છાઓની આપ-લેથી સંતોષ માનશે.

● **ગુજકેટને વધુ એક ગ્રહણ**

ગુજકેટની પરીક્ષા ૨૨મી ઓગષ્ટે લેવાશે એવી જાહેરાતની સાહી પણ હજુ સુકાઈ નથી ત્યાં તારીખ બદલવા ધારાસભ્યોનું દબાણ શરૂ થયું છે. જો કે કારણ વધુ છે. ૨૨મી ઓગષ્ટે સંવત્સરી અને ગણેશચતુર્થી હોવાથી તારીખ બદલવા માંગ ઉઠી છે અને શિક્ષણમંત્રી સહિત અધિકારીઓ પણ હકારાત્મક વલણ રાખતા હોવાથી એટલે એકાદ-બે દિવસમાં નવી તારીખ જાહેર થશે.

● **આજનો ‘અર્ક’**

‘અહંકાર’માં એક એવી ખુબી છે કે... તમને ક્યારેય ‘‘વિશ્વાસ’’ નહી થવા દે... કે... તમે ‘‘ખોટા’’ છો.

## સેક્ટરોમાં માર્ગ સુધારણાની કામગીરી છેલ્લા ચાર મહિનાથી ઠપ્પ

**વરસાદી દિવસામાં માર્ગોનુ ધોવાણ થઇ રહ્યુ છે : ચોમાસા બાદ સર્વેના અંતે માર્ગ સુધારણાનુ કામ શરૂ કરાશે**

ગાંધીનગર તા ૯

શહેરમાં છેલ્લા ચાર મહીનાથી માર્ગ સુધારણાની કામગીરી બંધ છે. અલબત્ત જુના અને નવા સેકટરોમાં માર્ગ સુધારણાની બાકી કામગીરી પણ પુર્ણ થઈ નથી જયારે વરસાદી દિવસો દરમિયાન રસ્તાઓનુ ધોવાણ થઈ રહ્યુ છે. ત્યારે હાલ વરસાદી દિવસોમાં ડામર કામ શકય ન હોવાથી ચોમાસા બાદ જ નવા કામો હાથ ધરાશે.

ગાંધીનગરમાં માર્ગ સુધારણાની કામગીરી છેલ્લા ઘણાં સમયથી અટવાયેલી છે. સેકટરોમાં આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જયારે સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના લીધે શહેરમાં માર્ગો આસપાસ પણ જોખમી સ્થિતિ સર્જાઇ છે. આડેધડ ખોદકામના લીધે ઠેર ઠેર મોટામસ ગાબડા પણ વરસાદી ઝાપટા સાથે અસ્તિત્વમાં આવી રહ્યા છે. સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના લીધે અનેક ઠેકાણે યુટીલીટીઝ લાઈન ખોરવાઈ ગઈ છે. જેના લીધે આમ નાગરિકોની જરૂરી સેવાઓમાં લાંબા સમયથી વિક્ષેપ ઉભો થયો છે. બીજીતરફ વરસાદી દિવસોમાં સેકટરોમાં કાદવ કીચ્ચડ વચ્ચે ગંદકીનુ સામ્રાજય વધ્યુ છે. ત્યારે માર્ગોનુ પણ ધોવાણ થઈ રહ્યુ છે. કેટલાક ઠેકાણે માર્ગો પર ડામરની કાંકરીઓ પથરાઈ જતા વાહનચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. ધીમા વરસાદમાં સતત પલળતા માર્ગો ધીમે ધીમે ઉબડ ખાબડ બની રહ્યા છે. સેકટરોમાં આંતરિક માર્ગો પણ વરસાદના આગમન સાથે ધોવાઈ રહ્યા છે. સેકટરોમાં આંતરિક માર્ગો સહીત રીંગ રોડની સુધારણાનુ કામ પણ અટવાયેલુ છે. નવા સેકટરોમાં પણ હજુ કેટલાક ઠેકાણે માર્ગ સુધારણાની કામગીરી બાકી છે. જયારે વરસાદી દિવસોમાં પણ નગરના મુખ્યમાર્ગો પર સરફેસીંગ

● અનુસંધાન પાન-૭ પર

## માણસાની ખાનગી લેબોરેટરીને સેમ્પલ કલેક્શન બંધ કરવા આદેશ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આવેલી સ્ટર્લીંગ એક્યુરીલ (શ્રીજી) પેથોલોજી લેબોરેટરીમાં આઈસીએમઆરની ગાઈડલાઈન મુજબ અને સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર મુજબ સેમ્પલ કલેક્શન ન થતુ હોવાનું જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી અને જિલ્લા ગુણવત્તા નિયમન અધિકારીની તપાસમાં જણાતાં તાત્કાલિક અસરથી સેમ્પલ કલેક્શન બંધ કરવાના આદેશ આપ્યા હતા.

## ગાંધીનગર વિસ્તારમાં લીમડો, પીપળો, જાંબુ રોપવા અપીલ

ગાંધીનગર,તા.૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાની ગાંધીનગર લોકસભા વિસ્તારને ‘હરિયાળું ગાંધીનગર’ બનાવવા લોકસભા મતક્ષેત્રના તમામ નાગરિકોને સોસાયટી, ફ્લેટ અથવા નજીકના વિસ્તારમાં ઓછા પાંચ લાંબા આયુષ્યવાળા વૃક્ષો જેવા કે લીમડો, પીપળો, જાંબુ રોપવા માટે અપીલ કરી છે.

કોરોના મહામારી સામેની લડાઈ આપણે સૌ મક્કમતાપૂર્વક લડી રહ્યા છીએ ત્યારે વૃક્ષારોપણના અભિયાન અંતર્ગત

● અનુસંધાન પાન-૭ પર

## હાઈકોર્ટ માઈક્રો કન્ટેઈન્મેન્ટ ઝોનમાં આવતા તંત્ર હરકતમાં

અમદાવાદ, તા. ૦૯




દિવસે ને દિવસે ગુજરાતમાં કોરોનાનાં સંક્રમિત કેસ સતત વધતા જ જાય છે. સતત છેલ્લાં પાંચેક દિવસથી કોરોનાનાં આંકડા ૭૦૦ને પાર જતાં જાય છે. ત્યારે કોરોના સંક્રમણ છેક ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચી ગયું છે. તાજેતરમાં જ ૨-૩ દિવસ પહેલાં ગુજરાત હાઈકોર્ટમાં એક કોન્સ્ટેબલ સહિત ૭ કર્મચારીઓ કોરોનાના શિકાર બન્યાં હતાં. ત્યારે ગુજરાત હાઈકોર્ટને માઈક્રો કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત હાઈકોર્ટમાં લોકોની અવર જવર પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે બે-ત્રણ દિવસ પહેલા એક સાથે ૬ કર્મચારીઓ અને ૧ કોન્સ્ટેબલનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો, જેનાં કારણે ૩ દિવસ માટે હાઈકોર્ટને બંધ કરવામાં આવી છે.

**લોકોની અવર-જવર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો : હાઈકોર્ટના એક સાથે ૬ કર્મચારીઓ અને ૧ કોન્સ્ટેબલનો રિપોર્ટ પોઝિટીવ આવતા કોર્ટ ત્રણ દિવસ માટે બંધ કરાઈ**

હાઈકોર્ટનાં દરવાજાની બહાર જ AMCએ ‘નિયંત્રિત ઝોન પ્રવેશ નિષેધ વિસ્તારનાં પોસ્ટર લગાવી દીધા છે. માત્ર એટલું જ નહીં પરંતુ લોકોની અવર જવર ઉપર પણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર સજાને પાત્ર થશે. જેથી સામાજિક અંતર જાળવીએ અને સુરક્ષિત રહીએ.

આ વિસ્તારને માઈક્રો કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. ૮, ૯ અને ૧૦ જુલાઈ સુધી સંકુલને સંપૂર્ણ રીતે બંધ રાખી સફાઈ અને સેનિટાઈઝરની કામગીરી હાથ ધરવામાં આવશે. હાઈકોર્ટનાં જ્યુડિશીયલ વિભાગનાં એક કર્મચારીને કોરોના પોઝીટિવ આવતા સંપૂર્ણ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

## શહેરમાં ૨૪ કલાકમાં એક ઈંચ વરસાદ

**વાતાવરણમાં ઠંડક પ્રસરી : મહત્તમ અને લઘુત્તમ તાપમાન યથાવત : હળવા ભારે વરસાદી ઝાપટાથી સેક્ટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા ભરાયા : કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકી**





ગાંધીનગર તા ૯

શહેરમાં છેલ્લા બે દિવસથી અલપ ઝલપ વરસતા વરસાદથી સમગ્ર શહેરમાં વરસાદી ભીંજારો જોવા મળે છે. સેકટરોમાં કાદવ કીચ્ચડની સ્થિતિ વચ્ચે પાણીના ખાબોચિયા ભરાયેલા જોવા મળે છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં એક ઈંચ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. શહેરમાં સિઝનનો વરસાદ અંદાજિત ૭ ઈંચ જેટલો નોંધાયો છે. જો કે છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે તડકી છાયડીનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનો બપોરના સમયે ઉકળાટ અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં આ વર્ષે વરસાદનો મિજાજ કાંઈક અલગ જોવા મળી રહ્યો છે. શહેરના નવા સેકટરોમાં ધોધમાર વરસાદ વરસે ત્યારે જુના સેકટરોમાં કોરુ ધાકોર જોવા મળે છે. આવા સંજોગોમાં સેકટરીયો વરસાદ પણ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. શહેરમાં ગત મહીના દરમિયાન વહેલી સવારે આવેલા તોફાની વરસાદ બાદ હજુ સુધી એકધારો મુશળધાર વરસાદ વરસ્યો નથી છુટાછવાયા વરસાદી ઝાપટાથી ચોમાસુ શરૂ થઈ ગયુ હોય તેવો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. છેલ્લા બે દિવસથી આકાશમાં સતત વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. આકાશમાં છવાયેલા કાળા ડીબાંગ વરસાદી વાદળો હજુ મન મુકીને વરસ્યા નથી. જેના લીધે હજુ દિવસ દરમિયાન ગરમી ઉકળાટથી નગરજનો પરેશાન છે. પરંતુ વરસાદી વાયરા અને છુટાછવાયા ઝાપટાથી વાતાવરણમાં હળવી ઠંડક થઈ છે.

બીજીતરફ ચોમાસાની શરૂઆત સાથે શહેરમાં વરસાદી સમસ્યાઓ જટીલ સ્વરૂપ લઈ રહી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારમાં વરસાદી હેલીથી ચોમેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. જયારે ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતમાં હજુ મેઘરાજાએ હેત વરસાવ્યુ નથી જો કે ગાંધીનગર જિલ્લામાં સિઝનનો અંદાજિત ૨૦ ટકા વરસાદ થયો છે. જેમાં દહેગામ તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. ત્યારે શહેરમાં પણ મેહુલિયો મનમુકીને વરસે તેવી આશ સાથે રોજ સવારે નાગરિકોની મીટ નભ તરફ મંડરાય છે.

## આજે બેરોજગાર આંદોલનકારો સાથે બે મંત્રીઓની બેઠક યોજાશે

ગાંધીનગર,તા.૯

સરકારી ભરતી પ્રક્રિયાને લઈને સરકાર હરકતમાં આવી છે. સરકારી ભરતીઓને લઈ સરકાર બેઠક કરશે. મુખ્ય આંદોલનકારીઓની સાથે આવતીકાલે સરકારના પ્રતિનિધિઓ બેઠક યોજાશે. રાજ્ય સરકારના બે મંત્રીઓની સાથે ચર્ચા થશે, જેમાં અટકેલી ભરતીઓ તથા જે ભરતીમા પરીક્ષાઓ લેવાઈ ચુકી છે અને નિમણુકના કામ બાકી છે તેના પર ચર્ચા સંભવ બનશે. કોરોનાની સ્થિતિને ધ્યાને રાખી શું કરી શકાય તે અંગે પણ ચર્ચા થઈ શકે છે.

આંદોલનકારીઓ દિનેશ બાંમભણીયા અને યુવરાજસિંહ જાડેજાએ આ અંગે મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો. તેઓએ અટકી પડેલી સરકારી ભરતીને લઈ પત્ર લખ્યો હતો. તેઓએ કહ્યું કે, લેવાઈ ગયેલી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને અટકી પડેલી ભરતી બાબતે સત્વરે નિર્ણય લેવા અમારી માંગ છે. રદ્દ થયેલી પરીક્ષાઓ, નિમણૂંક પત્ર આપવાના બાકી હોય અને વય મર્યાદા પૂર્ણ થતી હોય તેવા ઉમેદવારોને છૂટછાટ આપવામાં આવે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં લાંબા સમયથી અટકી પડેલી સરકારી ભરતીઓ મામલે વિવાદ અને વિરોધ થઈ રહ્યો છે. આંદોલનકારીઓએ લાંબા સમયથી ગાંધીનગરમાં આંદોલનને વેગ આપ્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com